પાટનગરમાં છેલ્લા ૧૪ વર્ષથી કાર્યરત અને કોઈપણ હોદ્દેદારો ન હોવા છતાં આહીર સમાજના યુવાનો દ્વારા સફળતાપૂર્વક ચાલતી સંસ્થા, આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં પાટનગરના ટાઉન હોલ ખાતે લોકડાયરાનો ભવ્ય કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં ખંભાળીયાના ઉગતી પ્રતિભા સમા કલાકાર શ્રી રાધુબેન આહીરે ભજનની રમઝટ બોલાવી હતી. તો જુનાગઢ જીલ્લાના લોક કલાકાર શ્રી રસિકભાઈ બગથરીયાએ હાસ્યથી ભરપુર વાનગીઓ પીરસીને આહીર સમાજને મોજ કરાવી હતી. આ પ્રસંગે આહીર સમાજના ભાઈ બહેનો તથા વિદ્યાર્થી મિત્રોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી હતી. (અશ્વિન જાટીયા)

રાંધેજા રોડ પર રિક્ષા પલ્ટી ખાતા મહિલા મુસાફરનું મૃત્યુ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીકના રાંધેજા-માણસા રોડ પરથી પસાર થઈ રહેલી પેસેન્જર રિક્ષા આજે સાંજે અચાનક પલ્ટી ખાઈ જતાં રિક્ષામાં સવાર મહિલા મુસાફરનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજયું હતું. આ અકસ્માત બાદ મૃત્યુ પામેલી મહિલાની ડેડ બોડી રિક્ષા ચાલકે રિક્ષાની પાછળની સીટ નીચે પગ મુકવાની જગ્યાએ ગોઠવી દઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી મૃતક મહિલાની ઓળખ માટે તજવીજ શરુ કરી ડ્રાઈવરની શોધખોળ આરંભી છે.

ગાંધીનગરમાં સાંજના સુમારે પડી રહેલા વરસાદમાં પેથાપુરથી આગળ રાંધેજાથી મહુડી જવાના માર્ગ પર રિક્ષા નં. જીજે ૧૮-એ.યુ. ૩૪૮૮ પસાર થઈ રહી હતી તે દરમિયાન કોઈ કારણોસર અચાનક પેસેન્જર રિક્ષા પલ્ટી ખાઈ જવાની ઘટના સર્જાઈ હતી. આ બનાવમાં એક મહિલા મુસાફરને ગંભીર ઈજાઓ થતા બનાવ સ્થળ પર જ તેમનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. હેબતાઈ ગયેલા રિક્ષાના અજાણ્યા ડ્રાઈવરે જાણે તેની માનવતા મરી પરવારી હોય તેમ ડેડ બોડીને જોઈને રિક્ષાને સીધી કરી દઈ મહિલાની ડેડ બોડી ઉંચી કરીને રિક્ષામાં ગોઠવી દીધી હતી અને ત્યાંથી કોઈ રાહદારી પકડી કે જોઈ લે તે પહેલા જ ફરાર થઈ ગયો હતો. પેથાપુર પોલીસ મથકના પી.એસ.આઈ. એ.ડી. ગોહીલને ઘટનાની જાણ થતા જ સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. માટે મોકલી તેણીની ઓળખ માટે તજવીજ શરુ કરી દીધી હતી તથા ફરાર થઈ ગયેલા નિર્દયી રિક્ષા ચાલકની પણ શોધખોળ શરુ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

અખિલ ભારતી નાગર પરિષદનું અધિવેશન ૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૭

અખિલ ભારતીય નાગર પરિષદનું ૨૦મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૯મી સપ્ટેમ્બરના રોજ મહેન્દ્રભાઈ ત્રિવેદી ચેરમેન પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ સમારંભનું પ્રમુખ સ્થાન શોભાવશે.

અસિત વોરા મેયર અ.મ્યુ.કો., પાર્થિવભાઈ અધ્યારૂ વરિષ્ઠ નાગર સેવક, રથિનભાઈ મહેતા, જયેન્દ્રભાઈ કોઠારી, અચ્યુતભાઈ, નીતિનભાઈ મહારાજા સભ્ય સચિવ રાજય નાણાંપંચ યમલભાઈ વ્યાસ ખાસ અતિથિ વિશેષ રોષ તરીકે હાજર રહેશે.

આ સમારંભમાં રજનીકાંતભાઈ મહેતાને દિલીપભાઈ માંકડ અખિલ ભારતીય નાગર પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ ગ્રહણ કરાવશે.

ગ્રીનરીસોર્ટ વૈષ્ણવદેવીની નજીક આ કાર્યક્રમ યોજેલ છે. કાર્યક્રમમાં પહોંચવા માટે અમદાવાદમા વિવિધ સ્થળોએથી બસની ખાસ વ્યવસ્થા કરેલ છે. ભારતભરમાંથી નાગરબંધુ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

જયરાજભાઈ મહેતા, શૈલેષ જોશી તથા અમદાવાદમાં કાર્યરત નાગરોની સંસ્થાઓની સંકલન સમિતિએ જણાવેલ છે.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજનો સન્માન સમારંભ મોકુફ

ગાંધીનગર, તા. ૭

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરના સહમંત્રી બી.એચ. ગજજરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર કચ્છ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ ૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ યોજાનાર હતો. પરંતુ હાલમાં વરસાદી માહોલના કારણોસર સરસ્વતી સન્માન કાર્યક્રમ તેમજ ભોજન સમારંભ મોકુફ રાખવામાં આવ્યો છે. આગામી ટુંક સમયમાં જ આ કાર્યક્રમની નવી તારીખ અને કાર્યક્રમ વિશે જાણ કરવામાં આવશે.

જય અંબે પરિવારનો અંબાજી પદયાત્રા સંઘ ૨૦મીએ પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા.૭

જયઅંબે પરિવાર ગાંધીનગર દ્વારા ગાંધીનગરથી અંબાજીની ૨૪મી પદયાત્રા તા. ૨૦મી સપ્ટેમ્બરના શક્તિ ચોક સે.-૧ ઉમાંથી પ્રસ્તાન કરશે. અગીયાર લાખના ખર્ચે તૈયાર થયલે નવીન રથમાં મા ના દર્શનનો લાભ લેવા જયઅંબે પરિવારે જણાવેલ છે. જૂના પદયાત્રાઓએ ફોર્મ તા. ૯ સપ્ટેમ્બર સુધીમાં ભરી દેવાના રહેશે.

સંઘ સે.-૧ ઉમાં પ્રસ્થાન કરી ખ-રોડ થઈ ખ-૬ થી ક-૭ પાસે ભૂમિરાજ એપાર્ટમેન્ટ સેવા કેન્દ્ર પાસે પહોંચી ગરબાની રમઝટ બોલાવશે. રાંધજા ધરતી ફાર્મ બપોરેના વિસામો કરશે. પદયાત્રા દરમિયાન રાત્રે ડાયરો, સમુહ ગરબા, જગદંબા ભક્તિ વંદના, સ્વાધ્યાય ભજન સંધ્યા સત્સંગ યોજાશે.

ગાંધીનગર અંબાજી પદયાત્રા સંઘના આયોજક લલિતભાઈ પટેલે જણાવેલ છે કે, જયઅંબે પરિવાર ગાંધીનગર દ્વારા પ્રતિમાસની પૂનમ કોઈ શુભ પ્રસંગે, પૂણ્યતિથિ નિમિતે રાત્રે સાડા આઠે જગદંબા ભક્તિ વંદના સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવે છે. રકતદાન શિબિર, વ્યસનમુક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે જેવી પ્રવૃતિઓ કરવામાં આવે છે. દિવાળી પછી સ્નેહમિલન તથા તેજસ્વી બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવે છે. અંબાજી માતાનો પ્રાગટ્ય દિવસ પોષ મહિનાની પૂનમનો દિવસ શતકભોગ અન્નકૂટ ઉજવવામાં આવે છે. પરિવારની બહેનો દ્વારા ૧૧૧ વાનગીઓ માતાજીને ધરાવીને જમાડવામાં આવે છે. ગાંધીનગરવાસીઅઓએ કાર્યક્રમમાં ભાગ લેવા જણાવેલ છે.

સે. ૧માં વૃદ્ધ એન.આર.આઈ.ના બંગલે કામ કરતા યુવાનનો આપઘાત

વૃદ્ધની સેવા ચાકરી કરતા મા.આબુના યુવાને ઝેરી દવા પી લીધી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરની સેક્ટર-૧ નાં બંગલામાં રહેતા એન.આર.આઈ. વૃદ્ધને ત્યાં નોકરી કરતા ૨૫ વર્ષીય યુવાને ગઈકાલે મોડી સાંજે બંગલામાં જ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી જવા પામી છે. વૃદ્ધની સેવા-ચાકરી કરતા આ યુવાને અચાનક કયા કારણોસર અંતિમ પગલુ ભર્યુ તે હજુ સુધી બહાર આવ્યું નથી. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

શહેરના સેક્ટર-૧ પ્લોટ નં. ૪૨૨માં રહેતા એન.આર.આઈ. વૃદ્ધ જયંતિલાલ કાનજી માણેકે તેમના ઘરે ત્રણેક યુવાનોને સેવાચાકરી અર્થે નોકરીએ રાખ્યા છે. તે પૈકીનો એક માઉન્ટ આબુનો ૨૫ વર્ષીય તેજસિંગ નાથુસિંગ રાજપુત પણ હતો. ગઈકાલે મોડી સાંજે જયંતિલાલ પોતાના બંગલામાં આરામ કરી રહ્યા હતા તે દરમ્યાન તેજસિંગે બંગલામાં જ કોઈ કારણોસર ઝેરી દવા પી લીધી હતી. આ અંગે જાણ થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. યુવાને કયા કારણોથી કંટાળીને મોતને વ્હાલુ કર્યું તે જાણવા સે. ૭ પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસનો ધમધમાટ પી.એસ.આઈ. બી. સી. વાઘેલાએ શરૂ કર્યો છે.

આવતીકાલે મધ્યાહન ભોજન યોજનાના ઉપવાસી કર્મચારીઓને કોંગ્રેસી મહાનુભાવો પારણાં કરાવશે

ગાંધીનગર, તા. ૭

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના ૫૦૪ દિવસથી ચાલતા આંદોલનનો કેન્દ્ર સરકાર તરફથી સુખદ અંત આવતા આવતીકાલે ૯મી સપ્ટેમ્બર-૨૦૧૨ના રોજ ઉપવાસ પર બેઠેલા કર્મચારી ભાઈ-બહેનોનાં પારણાં કોંગ્રેસી મહાનુભાવો કરાવશે.

ગુજરાત રાજય મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ-ગાંધીનગર દ્વારા મધ્યાહન ભોજનમાં કામ કરતા સંચાલક, રસોઈયા અને મદદનીશ કર્મચારીઓના પ્રશ્નો સંદર્ભે આંદોલન કરવામાં આવ્યું હતું. ઉપવાસ ઉપર બેઠેલા કર્મચારી ભાઈ-બહેનોને ૫૦૪ દિવસ થયાં છતાં ઉકેલ ન મળતાં તાલુકા કક્ષાએ રેલીઓ પગપાળા દાંડીયાત્રા યોજાઈ હતી. છતાં રાજય સરકાર તરફથી વિશ્વાસ ન મળતા મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલાની આગેવાની નીચે પ્રતિનિધિ મંડળ કેન્દ્ર સરકાર પાસે રજૂઆત લઈને દિલ્હી ગયું હતું. જ્યાં રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને માનવવિકાસ સંશાધન મંત્રી તથા સોનીયા ગાંધી અને અહેમદ પટેલને રજૂઆત કરતાં તેઓએ ઉપવાસનો સુખદ અંત લાવી રજૂઆતોને લક્ષમાં લેવા જણાવ્યું હતું. આવતીકાલે ૯મી સપ્ટેમ્બરને રવિવારે સમાધાનના ભાગરૂપે પૂર્વ કેન્દ્રીય મંત્રી શંકરસિંહ વાઘેલા, ગુજરાતના પ્રભારી મંત્રી મોહનપ્રકાશ, વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ તથા ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિના અધ્યક્ષ અર્જૂનભાઈ મોઢવાડીયા વગેરે મહાનુભાવો ઉપવાસ છાવણી પર પારણા કરાવશે.

આજે શાંતાબા મહિલા સેવાટ્રસ્ટ દ્વારા મહિલા ધાર્મિક પ્રવાસ

ગાંધીનગર, તા.૭

શાંતાબા મહિલા સેવા ટ્રસ્ટ પ્રતિ વર્ષે બહેનોને ૫૦ ટકા રાહતથી ધાર્મિક યાત્રા કરાવવામાં આવે છે. જે અનુસાર આ વર્ષે તા. ૮ સપ્ટેમ્બરે સમેશ્વર તેમજ અન્ય શિવાલયોના દર્શનાર્થે લકઝરી બસ દ્વારા બહેનોને લઈ જવામાં આવશે. આ યાત્રા-પ્રવાસનું આયોજન સુમિત્રાબેન ભાવસાર સે.-૩ડી દ્વારા કરવામાં આવેલ છે.

રેલવે સ્ટેશન પર પોલીસ બંદોબસ્ત ગોઠવવા રજૂઆત

ગાંધીનગર, તા. ૭

રેલવે સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા રામભરોસે હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. સ્ટ્રીટલાઈટની સુવિધાના અભાવે અંધારપટવાળા આ વિસ્તારમાં રાત્રીના સમયે ટ્રેઈનની અવર-જવર હોવા છતાં પોલીસ પહેરો ગોઠવવામાં આવ્યો નથી. રેલવે પોલીસ પાસે પણ અન્ય ત્રણ સ્ટેશનની જવાબદારી સોંપવામાં આવી છે. આવા સંજોગોમાં સ્ટેશન વિસ્તારમાં મુસાફરોની સલામતીને ધ્યાને રાખી યોગ્ય વ્યવસ્થા ગોઠવવા આઈ.જી.પી. સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર કેપીટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો રૂપિયા ખર્ચાયા બાદ રેલવે ટ્રેક પર હાલની સ્થિતિએ પાંચ ટ્રેઈનોની અવરજવર શરૂ થઈ છે. સ્ટેશન પર મુસાફરોનો ધમધમાટ જોવા મળે છે. આવા સંજોગોમાં શહેરના સીમાડે આવેલા સ્ટેશન તરફનો રસ્તો પણ બંધ કરી દેવાયો છે. સ્ટ્રીટલાઈટની સુવિધા પણ નથી. સ્ટેશન પર આવતી ટ્રેઈનોના લીધે મુસાફરોએ ઘણીવાર રાત્રી સમયે રોકાણ કરે છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે આઈ.જી.પી. શમશેરસિંહને યોગ્ય પગલા લેવા રજૂઆત કરી છે. જેમાં પોલીસ બંદોબસ્ત ગોઠવવા પણ જણાવાયું છે. વર્ષ ૨૦૦૭ દરમિયાન રેલવેના આઈ.જી.પી.ને રજૂઆત કર્યા બાદ સ્ટેશન વિસ્તારમાં રેલવે પોલીસને ફરજ સોંપવામાં આવી છે. પરંતુ એક એ.એસ.આઈ. અને એક કોન્સ્ટેબલનો અપૂરતો સ્ટાફ ને પણ અન્ય ત્રણ સ્ટેશનોની જવાબદારી સોંપવામાં આવી છે. કેપીટલ સ્ટેશનની સ્થિતિને ધ્યાને રાખી રેલવે પોલીસનો બંદોબસ્ત વધારવા પણ સંબંધિત તંત્રને રજૂઆત કરવામાં આવી છે.

રુદ્રાભિષેક મંડળ દ્વારા પંચદેવ મંદિરે ૯મીએ લઘુરૂદ્ર

ગાંધીનગર, તા.૭

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગરના સભ્ય મધુસુદન પંડ્યા તરફથી તા. ૯મી સપ્ટેમ્બરના રોજ મોટી અડબોલી તા. મહેમદાવાદ રામેશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્ર રાખેલ છે. પંચદેવ મંદિર સે.-૨ થી સવારે ૮.૦૦વાગે વાહનની વ્યવસ્થા કરેલ છે. સૌ સભ્યોએ હાજર રહેવા રૂદ્રાભિષેક મંડળના સહમંત્રી નરેન્દ્રભાઈ જાનીએ જણાવેલ છે.

રેન્જ આઈ.જી.નાં લોક દરબારમાં ટ્રાફીકના પ્રશ્નોની રજુઆત

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર રેન્જ આઈ.જી. શમશેરસિંગની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગરના અગ્રણીઓ સાથે લોકદરબાર યોજાયો હતો. જેમાં મુખ્યત્વે શહેરમાં ટ્રાફીક સિગ્નલો લગાડવા, ટ્રાફીક પોઈન્ટ વધારવા, ટ્રાફીક કર્મચારીઓની ભરતી કરીને મહેકમ વધારવા સહિતના ટ્રાફિકના પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. સે. ૬ કડીયાનાકા સહિત વિવિધ કોમર્શીયલ કોમ્પલેક્ષો પાસે થતા આડેધડ પાર્કીંગથી સાંજે સર્જાતી ટ્રાફીકની સમસ્યા દૂર કરવા યોગ્ય પગલા લેવા રજુઆત કરીને વી.આઈ.પી.ઓના બંદોબસ્ત માટે અલગ ફોર્સની ફાળવણી કરવા રજુઆત કરવામાં આવી હતી. આ લોક દરબારમાં લવજીભાઈ વાડીયા, મેયર મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, બાબુજી ઠાકોર, અરૂણભાઈ બૂચ તથા તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જલારામ મંદિરે લોહાણા સમાજના પ્રમુખની ૯મીએ મુલાકાત

ગાંધીનગર, તા.૭

જલારામ સેવા સમાજ ગાંધીનગરના મંત્રી જીતેન્દ્રકુમાર સેજાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આવતી કાલે તા. ૯મી સપ્ટેમ્બર ૨૦૧૨ ને રવિવારના રોજ સાંજે ૭ કલાકે જલારામ મંદિર, સેકટર-૨૯ ખાતે અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ ઉમંગભાઈ ઠકકર તથા મંત્રી ભગવાનદાસભાઈ બંધુ તથા સર્વે પ્રતિનિધિ મંડળ સૌજન્ય મુલાકાતે પધારશે. જલારામ સેવા સમાજનાં સર્વે સભ્યોને સમયસર અચૂક હાજર રહેવા ખાસ જણાવાયું છે.

જન ચેતના મંચના ૧૧મીએ સદ્‌ભાવના ઉપવાસ

ગાંધીનગર, તા.૭

વંચિતોના વિકાસ અંગે નકારાત્મક માનસિકતા દુર કરવા સદભાવના ઉપવાસથી જન આંદોલનનો શુભારંભ જનચેતના મંચ તા.૧૧મી સપ્ટેમ્બરે સવારે ૯.૦૦ વાગે. સત્યાગ્રહ છાવણી ઘ-૩ સર્કલ સે.-૬ ઉપવાસનું આયોજન કરવામાં આવેલ છે. ભરતસિંઘ ચૌધરી મહામંત્રી જનચેતના મંચ ગુજરાત એકમે જણાવેલ છે. ૩૫ મુદ્દાઓની સરકાર સમક્ષ માંગણી કરવામાં આવેલ છે.

રાજ્યભરમાં સાર્વત્રીક વરસાદથી ખેડૂતોમાં આનંદ : દિવેલાનું મોટાપાયે વાવેતર

ગાંધીનગર, તા. ૭

રાજ્યભરમાં સાર્વત્રીક વરસાદ થતાં ખેડૂતોએ હવે દિવેલાના પાકનું વાવેતર મોટા પાયા પર શરૂ કર્યું હોવાનું જાણવા મળે છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલા સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વર્ષે રાજ્યમાં ચોમાસાની શરૂઆતમાં વરસાદ ખેંચાયો હતો અને ત્યારબાદ ચોમાસુ નિષ્ફળ જાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. શરૂઆતના તબક્કામાં વરસાદ ન થતાં રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ખેડૂતોનું વાવેતર નિષ્ફળ જવા પામ્યુ હતું. તો કેટલાક વિસ્તારોમાં સિંચાઈ માટેના પાણી ઉપલબ્ધ ન થતાં વાવેતર જ થવા પામ્યું ન હતું.

પરંતુ હવે રાજ્યભરમાં ખેતીલાયક સાર્વત્રીક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે. વાવણીલાયક વરસાદ થતાં હવે ખેડૂતોએ પાક પેટર્ન બદલીને દિવેલાના પાકનું વાવેતર શરૂ કર્યું છે. દિવેલાનું વાવેતર શરૂ થતાં દિવેલાના બિયારણની મોટી માંગ ઉભી થવા પામી છે.

રાજ્યના બીજ નિગમ દ્વારા ખેડૂતોને વાજબી ભાવે અને સર્ટીફાય થયેલું શુધ્ધ દિવેલાનું બિયારણ પુરૂ પાડવામાં આવી રહ્યું છે. રાજ્યમાં ખેડૂતોને દિવેલાનું બિયારણ પુરતા પ્રમાણમાં મળી રહે તેટલો જથ્થો નિગમ પાસે ઉપલબ્ધ હોવાનું જાણવા મળે છે.

કૃષિ વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલાક વિસ્તારોમાં ખેડૂતોએ અગાઉ કરેલુ વાવેતર નિષ્ફળ જતાં હવે આ ખેડૂતોએ દિવેલાનું વાવેતર શરૂ કર્યું હોવાનું જાણવા મળે છે.

રાજ્યમાં આ વર્ષે શરૂઆતના તબક્કામાં વરસાદ ખેંચાતા રાજ્યના ૧૫૦ જેટલા તાલુકાઓમાં અછતગ્રસ્ત રહેવા પડી હતી પરંતુ પાછળથી ઓગષ્ટના અંત ભાગમાં મેઘરાજાની સવારી શરૂ થતાં સમગ્ર રાજ્યમાં સાર્વત્રીક અને પુરતો વરસાદ થતાં હાલ રાજ્યમાં એક પણ તાલુકો અછતગ્રસ્ત રહેવા પામ્યો નથી. મધ્ય અને દ. ગુજરાતમાં તો મેઘરાજાએ મન મુકીને પધરામણી કરી છે.

આજે ગાંધીનગર જિલ્લા રેશનાલીસ્ટ એસોસિએશનની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા રેશનાલીસ્ટ એસોસિએશનની સામાન્ય સભામાં ચાલુ પ્રમુખ ભીખાભાઈ અમીનના સ્વૈચ્છિક રાજીનામાથી ખાલી પડેલ જગ્યા પર નવા પ્રમુખ તરીકે સાહિત્ય સભાના માજી પ્રમુખ અને નિવૃત્ત જિલ્લા શિક્ષણાધિકારી ભાનુપ્રસાદ પુરાણીની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે.

જિલ્લા રેશનાલીસ્ટ એસોસિએશનની માસિક બેઠક આજે તા. ૮મી સપ્ટેમ્બર ૨૦૧૨ ને શનિવારે સાંજે ૪.૩૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર ૬૧/૧, ઘ ટાઈપ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે. સભ્યોને તેમજ રસિકજનોને ઉપસ્થિત રહેવા મહામંત્રી પંકજ પટેલે અનુરોધ કર્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૪

સૂર્યાસ્ત : ૬.૫૩

તાપમાન

મહત્તમ : ૨૮.૩ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૨ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૦.૦૦, ૯.૩૦
જોકર : ૧૨.૩૦, ૨.૩૦, ૭.૧૫ ● એક થા ટાઈગર : ૪.૩૦
: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૩.૪૫
જોકર : ૭.૦૦ ● એક થા ટાઈગર : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ચલ પિકચર બના તે હૈ : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧.૦૦, ૧૦.૧૫
રાઝ -૩ : ૫.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૬.૦૦
રીવાયત : ૮.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઝ -૩ (૩ડી) : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧૨.૪૫,૫.૪૫, ૧૦.૧૫
જોકર : ૮.૧૫
: સ્ક્રીન-૩ :
રાઝ -૩ (૨ડી) : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
રાઝ-૩ (૨ડી) : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
જોકર : ૧૨.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૫.૦૦

સૂર્યા, વાવોલ

રાઝ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
કેમ કરી જાઉ પરદેશ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ટોટલ રીકોલ : ૧૦.૪૫, ૭.૩૦, ૯.૪૫
નિલકંઠ : ૧.૩૦, ૪.૩૦
: સ્ક્રીન-૩ :
જોકર : ૧૦.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રાઝ-૩ : ૧૨.૧૫, ૩.૧૫

વિરાગ, કલોલ

રાઝ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધાર્મિક

- પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં ગૌચરણ લીલા અને શૃંગારમાં ચાંદીના પલના.

આપની આજ

મેષ : સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

વૃષભ : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

મિથુન : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

કર્ક : ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

સિંહ : દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

કન્યા : આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

તુલા : વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. નોકરી -વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

વૃશ્ચિક : ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

ધન : વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

મકર : આરોગ્યની કાળજી રાખવી. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય. વડીલોનું માર્ગદર્શન નોકરી- વેપાર ક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

કુંભ : દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. સમય મધ્યમ.

મીન : આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન -જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

ચિરવિદાય

- સ્વ. પ્રેમીલાબેન લાલજીભાઈ પટેલ (ઉ.વ. ૫૦) બ્લોક નં. ૮૪૩/૪, 'છ' ટાઈપ, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. સૂરજબેન મફાજી ઠાકોર (ઉ.વ. ૮૫) ફતેહપુરા, સેકટર-૧૫, ગાંધીનગર.
- સ્વ. ઉદાજી ધુળાજી મકવાણા (ઉ.વ.૮૦) મુ.પો.બોડીયા (હરિપુરા), તા., જિ. ગાંધીનગર.